# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-03-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## આવકવેરા નિયમો:

**સરકારે દેશની કર પ્રણાલીને વધુ સરળ અને પારદર્શક બનાવવાના હેતુથી નવા 'આવકવેરા નિયમો, 2026' ને સત્તાવાર રીતે સૂચિત કર્યા છે. 1લી એપ્રિલથી અમલમાં આવનારા આ નવા નિયમોનો મુખ્ય ઉદ્દેશ્ય નિયમોની સંખ્યા ઘટાડીને કર પ્રક્રિયાઓને સરળ બનાવવાનો અને કડક જાહેરાતો દ્વારા કરદાતાઓનું પાલન વધારવાનો છે. આ નિયમો સીધા કરવેરા હેઠળની પ્રક્રિયાગત પ્રણાલીઓમાં ઐતિહાસિક ફેરફાર દર્શાવે છે.**

**નવા માળખા હેઠળ, તમામ કંપનીઓએ હવે ફરજિયાતપણે શેર રજિસ્ટર જાળવવા પડશે અને ભારતમાં જ ડિવિડન્ડ ચૂકવવાનું રહેશે. આ નિર્ણય ડિવિડન્ડ વિતરણ પર સરકારનું મજબૂત સ્થાનિક નિયંત્રણ સુનિશ્ચિત કરશે.**

**નિર્દેશો મુજબ, સ્ટોક એક્સચેન્જોએ હવે 7 વર્ષ સુધી વ્યવહારોના ઓડિટ ટ્રેલ્સ જાળવી રાખવા પડશે.**

**આવકવેરા નિયમો, 2026 થી સમગ્ર કરવેરા વિવાદોમાં નોંધપાત્ર ઘટાડાની સાથે કાયદાનો અમલ સંગીન બનશે તેવી અપેક્ષા છે.**

**------------------------------------------------------------------------------------------------**

## સરકાર –વાણિજય LPG :

**સરકારે રાજ્યોને વાણિજ્યિક LPG માટે વધારાના 20 ટકા ફાળવણીને મંજૂરી આપી છે, જે હવે વધીને 50 ટકા થશે. આમાં PNG વિસ્તરણ માટે સુધારાઓને સરળ બનાવવાના આધારે**

10 ટકા ફાળવણીનો સમાવેશ થાય છે. આ વધારાની ફાળવણી રેસ્ટોરાં, ઢાબા, હોટલ, ઔદ્યોગિક કેન્ટીન, ડેરી, સબસિડીવાળી કેન્ટીન અને રાજ્ય અથવા સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંચાલિત અન્ય ક્ષેત્રોને પ્રાથમિકતાના ધોરણે આપવામાં આવશે.

પશ્ચિમ એશિયામાં તણાવ વચ્ચે સરકારના પગલાંને મજબૂત બનાવતા, સરકારે નાગરિકોને ખાતરી આપી છે કે પેટ્રોલ, ડીઝલ અથવા LPG ની કોઈ અછત નથી અને તેમને ગભરાવાની જરૂર નથી તેવી વિનંતી કરી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રિફાઇનરીઓમાં ઘરેલુ LPG ઉત્પાદનમાં વધારો કરવામાં આવ્યો છે.

---

## ભુજ ટાઉનહોલ ખાતે બીજ મેળો:

'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની ઉજવણીના ભાગરૂપે ગઈકાલે કચ્છ પશ્ચિમ વન વિભાગ દ્વારા ભુજના ટાઉન હોલ ખાતે એક વિશેષ બીજ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય કચ્છ જિલ્લાની સ્થાનિક અને લુપ્ત થતી જતી વનસ્પતિઓનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનો હતો.

આ મેળામાં રગત રોહિડો, મીઠા ગુગળ, વિકળો, હિંગોરીયો, કુંઢેર, લુસ્કા, ગાંગેટી, ચણોઠી, મરડાસિંગ, સિમળો અને ખાખરો જેવી ૫૦થી વધુ વનસ્પતિઓની જાતોના બીજનું આકર્ષક પ્રદર્શન યોજાયું હતું. ઉપસ્થિત નિષ્ણાંતોએ મુલાકાતીઓને બીજ એકત્રીકરણ, તેની જાળવણી અને વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરવા અંગે સમજ આપી હતી.

---

## રાજ્ય સરકાર-મુન્દ્રા પ્લાન્ટ પીપીએને મંજુરી:

રાજ્ય સરકારે ટાટા પાવરની પેટા કંપની, કોસ્ટલ ગુજરાત પાવર દ્વારા સંચાલિત તેના ચાર ગીગાવોટની ક્ષમતાના મુંદરા પ્લાન્ટને ફરીથી શરૂ કરવા માટે કંપની સાથે વીજ પુરવઠો કરાર - પીપીએને મંજૂરી આપી  છે. નિયમનકારી મંજૂરીઓ પછી, કંપની અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. કરાર પર હસ્તાક્ષર કરશે' ટાટા પાવરે એક સત્તાવાર નિવેદનમાં આ

જાહેરાત કરી હતી. ટાટા પાવરનો મુંદરા પ્લાન્ટ ટૂંક સમયમાં પૂર્ણ ક્ષમતાથી ચાલશે. આ સાથે એવી પણ જાહેરાત કરવામાં આવી છે કે, ટાટા પાવર મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ અને હરિયાણા જેવા અન્ય રાજ્યો સાથે પણ સમાન પીપીએ પર હસ્તાક્ષર કરશે.

---

## નખત્રાણા-વિકાસકામો ખાતમુહૂત:

સરકારના શહેરી વિકાસ વિભાગની વિવિધ ગ્રાન્ટોમાંથી નખત્રાણા નગરપાલિકા તથા સેજાના ગામો બેરૂ, નાના નખત્રાણા, મોટી-નાની વિરાણી, સુખપર તથા નખત્રાણા શહેરના વિવિધ વિસ્તારોમાં રૂા. **431** લાખના થનારાં વિકાસકામોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કાર્યક્રમ આજે સાંજે નખત્રાણા મધ્યે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે યોજાશે. આ કાર્યક્રમમાં વિવિધ વિસ્તારોમાં નિર્માણ થનારા સીસીરોડ, બોક્સ કલ્વર્ટ પુલિયા કામનું ખાતમુહૂર્ત, ગટર લાઈનનું કામ, રસ્તા તેમજ વિવિધ વિકાસકામોનું લોકાર્પણનો સમાવેશ થાય છે.

---

## માતાના મઢ –ચૈત્રી નરાત્રી ભક્તોનો ધસારો:

દેશદેવી મા આશાપુરા માતાજીના સ્થાનક માતાનામઢમાં હાલે ચાલી રહેલા ચૈત્ર નવરાત્રીના ગઈકાલે ત્રીજા નોરતે **15** હજાર કરતાં વધુ સંખ્યામાં માઈ ભક્તોએ મા આશાપુરાના દર્શન કર્યા હતા. આજે રવિવારે ચોથા નોરતે મંદિર પરિસરમાં મહા આરતી સાથે ભવ્ય રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

ગઈકાલે સવારથી જ યાત્રિકોનો પ્રવાહ મોડી સાંજ સુધી ચાલુ રહ્યો હતો. હાલમાં ચાલી રહેલા ચૈત્રી નવરાત્રીને લઈને અંદાજે ત્રણ દિવસમાં **30** હજાર કરતાં પણ વધુ ભાવિકોએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ લીધા છે.

---

## કચ્છ-ગુજકેટ પરીક્ષા:

આગામી તારીખ 29 માર્ચના ભુજના વિવિધ 10 પરીક્ષા કેન્દ્રો પર ગુજકેટની પરીક્ષા યોજાશે. આ પરીક્ષામાં જિલ્લાના કુલ 1,993 જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેવાના છે. આ પરીક્ષા માટે કચ્છનું વહીવટી તંત્ર સજ્જ બન્યું છે.

ગુજકેટ પરીક્ષા મુખ્યત્વે ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસી જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવે છે. એન્જિનિયરિંગ અને ફાર્મસીના એડમિશન માટે જે મેરિટ લિસ્ટ તૈયાર કરાય છે.

---

## GPSC પરીક્ષા:

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા, મુલ્કી સેવાની ભરતી માટે મૌખિક પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે ગુજરાત વહીવટી સેવા વર્ગ-1, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-1 અને 2 તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-2 માટે મૌખિક પરીક્ષા એટલે કે ઇન્ટરવ્યૂ આગામી 25 એપ્રિલના રોજ યોજાવાની શક્યતા છે. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવા જણાવાયું છે.

---